# Second Foreign Office Consultations between India and Guatemala

May 05, 2021

---

# ભારત અને ગ્વાટેમાલા વચ્ચે દ્વિતિય ફોરેન ઓફિસ વાટાઘાટો

મે 05, 2021

ભારત અને ગ્વાટેમાલા વચ્ચે 5 મે 2021ના રોજ વર્ચ્યુઅલ રીતે દ્વિતિય ફોરેન ઓફિસ વાટાઘાટો (એફઓસી) યોજાઈ હતી. વાટાઘાટમાં ભારત તરફથી રિવા ગાંગુલી દાસ, સેક્રેટરી (ઈસ્ટ) અને ગ્વાટેમાલા તરફથી કાર્લોસ રેમિરો માર્ટિનેઝ, વિદેશ મંત્રાલય, ગ્વાટેમાલાના ઉપમંત્રીએ આગેવાની કરી હતી.

2. એફઓસી દરમિયાન બંને પક્ષોએ પોતાના પરંપરાગત મૈત્રીપૂર્ણ સંબંધોની નોંધ કરી હતી અને રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક, વ્યાપાર અને કોન્સ્યુલર સહિતના તમામ ક્ષેત્રમાં પોતાના વર્તમાન દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી હતી. તેમણે કૃષિ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, અંતરિક્ષ, ઉર્જા, શિક્ષણ, આરોગ્ય, પરંપરાગત ઔષધો અને પર્યટન સહિતના ક્ષેત્રમાં સહકાર વધારવાની સંભાવનાઓની ચર્ચા કરી હતી.

3. બંને પક્ષોએ કોવિડ 19ની પરિસ્થિતિની ચર્ચા કરી હતી અને એ બાબત પર ભાર મૂક્યો હતો કે વૈશ્વિક સહકાર અને એકતા દ્વારા રોગચાળાનો સામનો કરી શકાય છે અને આર્થિક રિકવરી મેળવી શકાય છે. ગ્વાટેમાલાએ ગયા વર્ષે ગ્વાટેમાલા તથા એલએસી પ્રદેશમાં ભારતે આપેલી સહાયતાને બિરદાવી હતી જેમાં ફાર્માસ્યુટિકલ્સ તથા રસીઓના પૂરવઠાનો સમાવેશ થાય છે.

4. બંને પક્ષોએ સ્વીકાર્યું કે ભારત-ગ્વાટેમાલાના સંબંધોમાં વ્યાપાર એ મહત્ત્વનું સ્થંભ છે. તેમણે એ બાબતે સંતોષ વ્યક્ત કર્યો હતો કે 2019-2020માં વ્યાપાર 314.27 મિલિયન ડોલર સુધી પહોંચ્યું છે અને ભારતીય નિકાસ 291.32 મિલિયન યુએસ ડોલર તથા ભારતની આયાત 22.95 મિલિયન યુએસ ડોલરની છે. બંને પક્ષ એ બાબતે સહમત થયા હતા કે તેમના વ્યાપાર સંબંધોને વિસ્તારવા માટે અત્યારે પુષ્કળ સંભાવના રહેલી છે.

5. બંને પક્ષોએ સમાન હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પોતાના મત વ્યક્ત કર્યા હતા અને બહુસ્તરિય ક્ષેત્રમાં પોતાના સહકારને મજબૂત બનાવવા સહમત થયા હતા. તેમણે ભારત અને એસઆઈસીએ વચ્ચે મજબૂત સંસ્થાકીય જોડાણની નોંધ લીધી હતી અને બંને પક્ષે અનુકુળ તારીખે આગામી ઈન્ડિયા-એસઆઈસીએ વિદેશ મંત્રીઓની બેઠક યોજવા સહમત થયા હતા.

**નવી દિલ્હી**
**મે 05, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.